**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૫૯ ટકા

# શહેરની વનરાજી નવપલ્લવિત કરવા વનવિભાગે કમર કસી

## કલર કોડ પ્રમાણે રોપાઓના વાવેતર સાથે રોપાઓનું વિતરણ હાથ ધરાયું : સુકાં અને જોખમી વૃક્ષોનું ટ્રિમીંગ કરાઈ રહ્યું છે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના વન વિભાગની બોરિજ રેન્જની નર્સરીઓ દ્વારા ચોમાસાની સીઝન હોવથી રોપા વિતરણ, નવા વૃક્ષોનું વાવેતર તથા સૂકાં અને જોખમી વૃક્ષોનું ટ્રિમીંગ સહિતની પ્રક્રિયાઓ પુરજોશમાં હાથ ધરવામાં આવી છે. બોરિજ રેન્જની તમામ નર્સરીઓમાંથી આ સીઝનમાં અત્યાર સુધીમાં રૂ. ૨.૭૭ લાખના રોપાઓનું વિતરણ કરાઈ ચુકયું છે. અને સીઝનના અંત સુધીમાં આશરે રૂ. ૬.૫૦ લાખના રોપાઓનું વિતરણ થશે તેવો અંદાજ બાંધવામાં આવ્યો છે. આ સાથે શહેરના મુખ્ય માર્ગો પર એસ-મોડેલ મુજબ શહેરના વન વિસ્તારમાં ૯૬૦૦ રોપાઓનું કલર કોડ મુજબ વાવેતર કરવામાં આવ્યું છે.

વર્ષાઋતુના આગમન સાથે જ વન વિભાગને દિવસે ને દિવસે ઘટતી જતી હરિયાળીને ફરી એકવાર નવપલ્લવિત કરવાનો અવસર પ્રાપ્ત થાય છે. વળી, આ ઋતુમાં વંટોળ વાવાઝોડા કે તોફાની પવનને કારણે જોખમી વૃક્ષો પડી જવાની અને તેના થકી જાન-માલનું નુકશાન થવાની શકયતાઓ રહેલી હોય છે. વન વિભાગ દ્વારા અત્યારે અગમચેતીના ભાગરૂપે સુકાં તથા જોખમી રીતે નમી પડેલા વૃક્ષોનું ટ્રિમીંગ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. હાલ, વન વિભાગના કર્મચારીઓએ શનિ-રવિની રજામાં પણ કામ કરીને આ ટ્રિમીંગ કાર્યને વહેલી તકે પૂર્ણ કરવા કમર કસી રહ્યા છે. શહેરમાં ઘટતી જતી વનરાજીને ફરી નવપલ્લવિત કરવા તમામ મુખ્ય માર્ગોની આસપાસ વનવિભાગની જગ્યામાં એસ મોડેલ અનુસાર કલર કોડ મુજબ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. તા.૧૫ જુનથી ચાલુ થયેલા આ વાવેતર કાર્યમાં અત્યાર સુધીમાં શહેરના વન વિસ્તારમાં ૯૬૦૦ રોપાઓનું વાવેતર સંપન્ન કરવામાં આવ્યું છે.

### નર્સરીઓ પરથી રોપાઓનું રાહત દરે વિતરણ

આ ઉપરાંત શહેરની વિવિધ નર્સરીઓમાં રાહત દરે રોપાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં નાની સાઈઝના રોપા વિના મૂલ્યે આપવામાં આવી રહ્યા છે જયારે મોટી સાઈઝના રોપા માટે રૂ. ૪ અને રૂ. ૭.૫૦નો દર રાખવામાં આવ્યો છે. આ સાથે ચંદનના રોપા પણ રૂ. ૨૦ના રાહત દરે આપવામાં આવી રહ્યા છે. શહેરના પ્રકૃતિ પ્રેમીઓએ અત્યાર સુધીમાં રૂ. ૨.૭૭ લાખના રોપા આ નર્સરીઓમાંથી મેળવ્યા છે જે આંકડો સીઝનના અંત સુધીમાં રૂ. ૬.૫૦ લાખ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક છે.

### પારિજાતના વૃક્ષોનું ફરી વાવેતર કરાય તેવી પ્રકૃતિ પ્રેમીઓને આશ

શહેરમાં એક સમયે પારિજાતના વૃક્ષોની સંખ્યા ખૂબ હતી જેના કારણે અનોખી મહેંક છવાયેલી રહેતી હતી. વન વિભાગ દ્વારા જો પારિજાતના વૃક્ષોનું વાવેતર કરાય તો ફરી ગાંધીનગર તેની મહેંકથી મઘમઘતુ થાય તેવું પ્રકૃતિ પ્રેમીઓ ઈચ્છી રહ્યા છે. અત્યારે હાથ ધરાયેલ પ્રક્રિયામાં વન વિભાગના બોરિજ રેન્જના ૨૩ કર્મચારીઓ ઉપરાંત અન્ય રોજમદારો પણ સતત કાર્યશીલ છે.





### ગૌરી વ્રત કરનારી બાળાઓને આઈસ્ક્રિમ ખવડાવાયો

શહેરમાં ગૌરી વ્રત નિમિત્તે કુંવારિકાઓનું વ્રત હવે સમાપનના તબક્કામાં છે. શહેરના સે-૨માં સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી બાળાઓ જેમણે આ વ્રત કર્યું છે તેના સહિત તમામ બાળકોને સ્થાનિક નગરસેવક પાયલબેન મેણાત દ્વારા આઈસ્ક્રીમનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્યા માયાબેન પણ ઉપસ્થિત રહ્યા હતા.



સ્વામિનારાયણ મંદિરમાં કોર્પોરેટરની ગ્રાન્ટમાંથી પંખાનું વિતરણ કરવામાં આવેલ છે. આ પ્રસંગે કોર્પોરેટર હિરલબેન ઉર્પલકુમાર જોષી, રાકેશભાઈ જી. પટેલ, જયરાજસિંહ તથા ઉર્મિલાબેન વર્મા હાજર રહ્યા હતા.

## સે-૧૫ ફતેપુરામાં લાઈટ અને ગંદકીના પ્રશ્ને ગ્રામજનો ત્રાહીમામ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર જે ખેડુતોની જમીન અસ્તિત્વમાં આવ્યું છે તેવા ખેડુતોને હાલ રહેણાંકના સ્થાનો પ્રાથમિક સુવિધાઓ પણ ઉપલબ્ધ થતી નથી. હાઈટેક બનતા ગાંધીનગરમાં વિકાસની અનેક સોહામણી વાતો વચ્ચે શહેરી વિસ્તારમાં જ સમાવિષ્ટ ગામોમાં પાણી-ગટર, તેમજ રસ્તા અને લાઈટની પ્રયાપ્ત સુવિધા નથી. શહેરના ફતેપુરા વિસ્તારમાં સાંજ ઢળતા જ ગ્રામજનોને એકબીજાનું મોં ન દેખાય તેવું ઘનઘોર અંધારુ છવાઈ જાય છે. ફતેપુરામાં એક પણ સ્ટ્રીટ ચાલુ નથી. આવા સંજોગોમાં ભયભીત ગ્રામજનોએ અનેકવાર સંબધિત તંત્ર સમક્ષ રજુઆત કરી છે. પરંતુ ફતેપુરામાં હજુ અજવાળુ પથરાતુ નથી.

ગાંધીનગર શહેરને પાંચ દાયકા જેટલો સમય થઈ ગયો છે. શહેરનો સમાર્ટ સીટીમાં સમાવેશ થયો છે. શહેરમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ છે છતા નગરમાં સમાવિષ્ટ ગામોમાં સુવિધાના નામે મીંડુ છે. શહેરનો રોકેટ ગતિએ વિકાસ થઈ રહ્યો છે પરંતુ ગામડાઓને આ વિકાસથી અડગા રખાતા હોય તેવું લાગી રહ્યું છે. શહેરમાં સમાવિષ્ટ ગામોની હાલત અત્યારે હાલના સમેય પણ દયનીય છે. ગામોમાં માર્ગની કોઈ સુવિધા નથી. ગટરના પાણી ગામોના માર્ગો પર ફરી વળે છે. ખદબદતી ગંદકી વચ્ચે ના છુટકે ગ્રામજનો રહેવા મજબુર છે. શહેર સાંજ ઢળતા જ એલઈડી લાઈટોના અજવાળા પથરાય છે ત્યારે ગામમો સ્ટ્રીટ લાઈટો સદંતર બંધ હાલતમાં છે. ચોમાસાની સિઝનમાં ભરાયેલા પાણીમાં લાઈટ ન હોવાથી રાત્રીના સમયે બાળકો-મહિલાઓ તેમજ ગામના વૃધ્ધ વડીલોને ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે. ગામના નાગરીકોની રજુઆત તંત્રના બહેરાકાને અથડાઈને પાછી ફરે છે. ગામમાં રાત્રીના સમયે કોઈ ઝેરી-જીવજંતુ ઘર પાસે આવી જાય તો તેનો ભય પણ રહીશોને સતાવી રહ્યો છે.ગામના માર્ગો પર ખદબદતી ગંદકીને કારણે મચ્છરોનો ત્રાસ પણ અસહ્ય બનતા નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યા છે. ત્યારે ફતેપુરાના નાગરીકોના પ્રશ્નોનો ઝપડી નિકાલ આવે તેમજ લાઈટો સત્વરે શરુ થાય તેવી લાગણી અને માંગણી ગ્રામજનોની છે.

## શહેરના વિદ્યાર્થીએ એઈમ્સ ભોપાલમાં પ્રવેશ મેળવ્યો

ગાંધીનગર, તા.૮

મેડીકલ અભ્યાસ કરવા માટે એઈમ્સનું મોટુ નામ છે. વિદ્યાર્થીઓ તેમાં એડમીશન મેળવવું પણ એક સ્વપ્ન સમાન હોય છે. ત્યારે ગાંધીનગરની વેદ ઈન્ટરનેશનલ શાળાના એક માત્ર વિદ્યાર્થી ધ્રુમિલ પરીખે ભોપાલ એઈમ્સમાં પ્રવેશ મેળવ્યો છે.

સરગાસણ વેદ શાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થી ધ્રુમિલ પરીખે એઈમ્સમાં એડમીશન મેળવતા પરિવારનું સ્વપ્ન સાકાર પૂર્ણ કર્યુ છે. ઓન લાઈન પરિક્ષામાં આશરે પંદર લાખ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. તેમાં ગાંધીનગરનો એક માત્ર વિદ્યાર્થી પસંદગી પામ્યો છે. એઈમ્સની ઓનલાઈન પરિક્ષા પાસ કરનાર ધ્રુમિલ પરિખે જણાવ્યું કે ૨૮ મે ૨૦૧૭ના રોજ આ એઈમ્સની પ્રવેશ પ્રક્રિયા



અંગેની પરિક્ષા યોજાઈ હતી. જેમાં સમગ્ર દેશમાંથી ૧૫ લાખ વિદ્યાર્થીઓ આ પરિક્ષામાં બેઠા હતા. આ પરિક્ષા બહુ કપરી હોય છે તેમાં પાસ થવુ મુશ્કેલ હોય છે. ત્યારે આ પરિક્ષા મે માસ કરીને એઈમ્સમાં એડમિશન મેળવવુ એ મારું અને મારા પરિવારનું સ્વપ્ન હતું જે મે પૂર્ણ કર્યુ છે જેને પગલે પરિવારમાં પણ ખુશીનું મોજુ ફરી વળ્યું છે. આ પરિક્ષાની તૈયારી હું છેલ્લા ૩ વર્ષથી કરતો હતો. ગુજરાત બોર્ડની પરિક્ષા સાથે જ તૈયારી કરતા કરતા જયાં પણ આ અંગે માર્ગદર્શનની જરુર પડે ત્યાં સરગાસણ વેદ ઈન્ટરનેશનલ શાળાના શિક્ષકો પાસેથી માર્ગદર્શન અને સલાહ સુચન પ્રમાણે મહેનત કરતો હતો. એમસીકયુનો મહાવરો અને એઈમ્સની પેર્ટનના એમસીક્યુની તૈયારીએ સફળતા અપાવી છે.

## ભારત વિકાસ પરિષદની મહિલા પાંખ દ્વારા વિસરાતી વાનગીઓનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૮

ભારત વિકાસ પરિષદ ગાંધીનગરની મહિલા પાંખ દ્વારા "વિસરાતી વાનગીઓ"નો કાર્યક્રમ આગામી તા.૨૨ જુલાઈને શનિવારના રોજ સેકટર-૧૨ બલરામ ભવન ખાતો યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં વિસરાઈ ગયેલી પૌષ્ટીક વાનગીઓ મહિલા સ્પર્ધક દ્વારા તૈયાર કરવાની રહેશે. આ કાર્યક્રમમાં શહેરની કોઈપણ ગૃહિણી ભાગ લઈ શકે છે.આ કાર્યક્રમમાં રજીસ્ટ્રેશન કરાવવા માટેની અંતિમ તારીખ ૧૫ જુલાઈ શનિવાર રાખવામાં આવેલ છે. ફોર્મ મેળવવા માટે જિજ્ઞાસા રાવલ મો-૯૮૨૫૫૯૯૭૦૯, હિનાબેન રાવલ૯૯૦૮૮ ૭૬૨૮૩નો સંપર્ક કરવા ભારત વિકાસ પરિષદના પ્રમુખે જણાવ્યુ છે.

## આર.સી. પટેલ હાઈસ્કુલના વિદ્યાર્થીઓનો પ્રાકૃતિક પ્રવાસ

ગાંધીનગર, તા.૮

શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક હેતુના ભાગ રૂપે ઐતિહાસિક અને પ્રાકૃતિક સ્થળોની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને ઐતિહાસિક સ્થળો જેવા કે અડાલજની વાવ અને સરખેજ ખાતે આવેલા સરખેજના રોઝાની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા ઉપરાંત પ્રાકૃતિક શિબિરની મુલાકાત માટે ગાંધીનગર ખાતેના ઈન્દ્રોડા પાર્કની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. ઈન્દ્રોડા પાર્ક ખાતો વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણનો કાર્યક્રમ કર્યો હતો. સાથે શાળાના પ્રિન્સીપાલ વિનોદભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે હિંડોળાનું આયોજન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સેકટર-૨૧ ખાતે આવેલ શ્રીજી શ્રી ગોવર્ધનાથજીની હવેલી ખાતે તા. ૧૦-૭-૨૦૧૭થી ૮-૮-૨૦૧૭ દરમિયાન વિવિધ હિંડોળા મનોરથનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં વિવિધ હિંડોળાના દર્શન દ્વારા ઠાકોરજીને ઝુલાવીને લાડ લડાવાશે.

શ્રીજી શ્રી ગોવર્ધનાથજીની હવેલી ખાતે વર્ષ દરમિયાન વિવિધ તહેવાર પ્રમાણે દર્શન અને અન્નકૂટના કાર્યક્રમ યોજાય છે ત્યારે શ્રાવણ માસની શરુઆત થાય છે ત્યારે તા. ૧૦-૭-૨૦૧૭થી તા. ૮-૮-૨૦૧૭ દરમિયાન હવેલી ખાતે ગુલાબી ઘટાના, વેણીના, મયુર પંખના હિંડોળા, લીલામેવાના હિંડોળા, કાચના હિંડોળા તથા ગુલાબ-મોગરાના હિંડોળા અને સાવનભાદોના હિંડોળાના દર્શન યોજાશે. જેમાં ઠાકોરજીને ઝુલાવીને લાડ લડાવવામાં આવશે. તેથી સર્વે વૈષ્ણવોને હિંડોળાના દર્શનનો લાભ લેવા તથા મનોરથી થવા કાર્યાલયનો સંપર્ક કરવા જણાવાયું છે.

### આઈ લવ માય ગાંધીનગર



**આલોક પંડ્યા**

**ગાંધીનગર ગમે**

દુનિયામાં કયાંય ન જોવા મળે એવી રમણીયતા ઉપરાંત શિક્ષણ, કલા, સંસ્કૃતિની અનેકવિધ પ્રવૃત્તિઓને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત અને સક્ષમ નગરજનો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

કડી સર્વ વિશ્વવિદ્યાલય, આર્ષ-અક્ષરધામ, સ્વામી યોગાનંદ વિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ, જી ઈ કલબ અને ગ્રો ફાઉન્ડેશન જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

યુવા વર્ગની શક્તિઓને શહેર માટે કામે લગાડવામાં આવે તો શહેરને બહેતર બનાવી શકાય છે.

**નગર માટે હું કરી શકું**

વ્યક્તિત્વ વિકાસ ઉપક્રમે માટે તમામ પ્રકારની સહાય નગરને આપવા માટે તૈયાર છું.

## બ્રહ્માકુમારીઝ, સે-૨૮ ખાતે ગુરૂપુર્ણિમાની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા.૮

બ્રહ્માકુમારીઝ, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતેના "પીસપાર્ક"ના હૉલમાં ૯ જુલાઈ, ૨૦૧૭ રવિવારના રોજ સવારે ૬.૦૦ થી ૮.૦૦ ગુરૂપુર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જેમાં આપણાં સૌના નિરાકાર અને સાચા સતગુરુ પરમપિતા પરમાત્મા શિવબાબા કે જે વાસ્તવમાં આ કળીયુગની ઘોર અંધકારી રૂપી રાત્રી એ "પ્રજાપિતા બ્રહ્માબાબા"ના માનવીય માધ્યમથી સત્ય ગીતાજ્ઞાન અને રાજયોગનું શિક્ષણ પ્રદાન કરી વિશ્વની તમામ તમોપ્રધાન અને દુઃખી આત્માની વાસ્તવિક સદગતિ કરે છે. ભવિષ્યમાં ભારતની જ પાવનતમ ભૂમી પર પુનઃ સ્થપાનાર નવી દુનિયા- સ્વર્ગમાં ૨૧ જન્મની રાજાઈ આપે છે. તે સતગુરુને આપણે નત મસ્તક થઈશુ, મન અને બુધ્ધિથી એ શિવ પરમાત્મા સાથે કનેક્ટ થઈ યાદ કરીશુ, તેમની સામે સાચા હૃદયથી શુભસંકલ્પ બધ્ધ થઈશુ અને આ વિશેષ દિવસે એ પરમપિતા, પરમશિક્ષક અને પરમ સદગુરુ શિવને ભોગ પણ ધરાવીશુ.

આ પ્રસંગે આદરણીય રાજયોગિની કૈલાશ દીદીજી વિશેષ સૌને સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ અને સાંજે ૪.૦૦ થી ૮.૦૦ દરમ્યાન પરમાત્મા શિવના આશીર્વાદ આપશે. તો આ અણમોલ ઘડીની લોટરી ઝડપી લેવા રાજયોગી બી.કે.રાજુભાઈ એ સૌને હાર્દિક ઈશ્વરીય નિમંત્રણ પાઠવ્યું છે.

# સ્કૂલ ઓફ અચિવરમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર, તા.૮

સ્કૂલ ઓફ અચિવર પ્રત્યેક ઉત્સવની ઉજવણી અનોખી શૈલીથી કરે છે. પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સ્કૂલમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી પૂર્ણ ગરિમા અને ભવ્યતાપૂર્ણ રીતે થઈ હતી. આ વર્ષે ગુરૂપૂર્ણિમાની ઉજવણી 'સબંધસેતુ'ના નામાભિધાન સાથે તા. ૮-૭-૨૦૧૭ના રોજ થઈ હતી.

પ્રારંભમાં શ્લોકગાન-પ્રાર્થના સહિત ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં શાળાના તમામ શિક્ષકોનું વિદ્યાર્થીઓએ કુમકુમ તિલક અને પુષ્પગુચ્છ પ્રદાન કરી પૂજન-વંદન કર્યુ









હતું. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના અલગ અલગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. ગુરુ-શિષ્યના સંબંધને મુખ્ય થીમ બનાવી કાર્યક્રમને ભજન, ગીત અને પ્રવચન વડે ભાવપ્રધાન બનાવાયો હતો. વાઈસ પ્રિન્સીપાલ તથા પ્રિન્સીપાલશ્રીએ પ્રારંભિક ઉદબોધનમાં પણ સંબંધનું મહત્વ દર્શાવી તે દ્વારા સમસ્યાઓના હલ અને શિસ્તહીનતાના નિવારણની વાત સમજાવી હતી.

આ કાર્યક્રમની સાથે સાથે સ્કૂલ કેબિનેટની રચનાનો કાર્યક્રમ પણ યોજાયો હતો. એસપીએલ, એ.એસપીએલ, કલાસ મોનીટર, વોલેન્ટીયરની વરણી બેજ અર્પણ કરી કરવામાં આવી હતી. આ તબક્કે ઈકો કલબ મેમ્બર્સને પણ બેજ અર્પણ કરવામાં આવ્યા હતા. અંતે સમગ્ર કેબીનેટના સભ્યોએ ઉત્તરદાયિત્વની પ્રતિજ્ઞા લીધી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સફળ સંચાલન શિક્ષક પ્રકાશભાઈ પટેલે કર્યુ હતું.

### @ગાંધીનગર

● રામધામ વાવોલ ખાતે સવારે ૫.૩૦ કલાકથી ૧૧ કલાક દરમિયાન ગુરુ પૂર્ણિમા મહોત્સવ યોજાશે.

● ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે સવારે ૫ થી સાંજના ૬ કલાક દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાશે.

● સંતશ્રી રોહિદાસ સેવા સમાજ ગાંધીનગર દ્વારા ગુરુ પૂર્ણિમાની ભવ્ય ઉજવણી મંદિર પરીસર ખાતે સવારે ૧૦ કલાકે કરાશે.

● સંસ્કાર ગૃપ દ્વારા ગુરુ પૂર્ણિમાની ઉજવણી સાંજે સાડા છ કલાકે કરાશે. જેમાં ગુરુપૂર્ણિમાનો મહિમા, પ્રાર્થના, વૃક્ષની માવજત અને સમજ તેમજ મહત્વ વિષે સમજણ આપવામાં આવશે.

● દિવ્ય જીવન સંઘ ગાંધીનગર શાખાના ઉપક્રમે સવારે નવ વાગે શાખા કાર્યાલય ૨૦૫, આનંદનગર, સે-૨૭ ખાતે ગુરુપૂર્ણિમા નિમિત્તે પૂજનનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે સાંજે ૫.૩૦ કલાકે વિદ્યાર્થીઓ દ્વારા શાસ્ત્રીય ગાયન, તબલા, વાદન અને બાંસુરી વાદન પ્રસ્તુત કરાશે.

● સુંદરધામ પરિવાર દ્વારા આ વર્ષે હરીદ્વારમાં કથા યોજાશે તે અંગેની મીટીંગ ૨ થી ૪ કલાક દરમિયાન સુંદરધામ હનુમાનજી મંદિર રાંધેજા ખાતે યોજાશે.

● મોહન યોગી એસ્ટ્રો સ્પીરીચ્યુઅલ સેન્ટર કોબા ખાતે આધ્યાત્મિક મહાશિબિર સાંજે ૭ થી ૯ કલાક દરમિયાન યોજાશે.

● ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સ્વરચિત મૌલિક કૃતિઓ, ગીત, ગઝલ અને કાવ્ય પઠન સાંજે ૫ કલાકે નમન એપાર્ટમેન્ટ સે-૨૧ ખાતે યોજાશે.

### વાતવાતમાં

● શહેરમાં સવારથી જ પોસ્ટ ઓફિસોમાં ઈન્ટરનેટ ઠપ્પ થઈ જતા પેમેન્ટ સહિતની કાર્યવાહી ખોરંભે ચઢી હતી. એક તો શનિવાર હોવાથી કામકાજમાં અડધો દિવસ હતો ને ઉપરથી નેટ ઠપ્પ થઈ જતા કામકાજ અટકતા ગ્રાહકો રોષે ભરાયા હતા.

● શહેરમાં હજુ વરસાદનો માંડ પ્રારંભ થયો છે ત્યાં તો નવા નક્કોર બનાવાયેલા માર્ગો પર પણ ધોવાઈને ખાડા પડી જવાની ફરિયાદો વધવા પામી છે. સેકટર-૨૮ની જીઆઈડીસીમાં રાધિકા મોટર્સ અને હયુન્ડાઈના શો રૂમ સામેના તાજેતરમાં નવીનીકરણ કરાયેલા માર્ગની હાલત આટલા જ વરસાદમાં બતદર થઈ જવા પામતા જીઆઈડીસીના મુલાકાતીઓને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે.

● ગાંધીનગરમાં એકાએક અનેક સ્થળે દારૂબંધીનો પ્રચાર કરતા મોટા હોર્ડિંગ્સ લગાડવામાં આવ્યા છે. રાજયના સુશિક્ષિત પાટનગરમાં આ પ્રકારે દારૂબંધીની જાહેરાત કરવી પડે તે ખરેખર શહેરની તથા રાજયની સ્થિતિ અંગે આંખ ઉઘાડવા સાથે દારૂબંધીના નવા કડક કાયદાની અમલવારી અંગે સરકાર જાતે પોલ ખોલી રહી હોય તેવું ભાસી રહ્યું છે.

### ચિરવિદાય

- સ્વ. યોગીન્દર સ્વામીનાથ ઠાકુર, ઉ.વ. ૫૭
- સ્વ. ઘનશ્યામભાઈ મણીલાલ પટણી, ઉ.વ. ૭૦